## ખાનગી શાળાઓમાં વોકેશનલ શિક્ષણને વેગ મળશે

સુરતઃ નવી શિક્ષણ નીતિ (NEP-2020)ને ધ્યાનમાં રાખીને સુરત જિલ્લામાં હવે ખાનગી શાળાઓ માટે કૌશલ્ય આધારિત શિક્ષણનો વિસ્તાર થવા જઈ રહ્યો છે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ ધોરણ-૯થી જ વિદ્યાર્થીઓને વ્યવસાયિક દિશામાં તૈયાર કરવા માટે સ્વનિર્ભર શાળાઓને વોકેશનલ વિષયો શરૂ કરવા આમંત્રણ આપ્યું છે. આ પહેલ માત્ર શિક્ષણમાં વૈવિધ્ય વધારવાની નથી, પરંતુ વિદ્યાર્થીઓને પ્રાથમિક સ્તરેથી જ કારકિર્દી-કેન્દ્રિત અભ્યાસ તરફ દોરી જવાની છે. શાળાઓ હવે એગ્રીકલ્ચરથી લઈને IT/ITES, હેલ્થકેર, ઓટોમોટિવ, બ્યુટી એન્ડ વેલનેસ અને રિટેલ જેવા ક્ષેત્રોમાંથી પસંદગી કરીને વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન આપી શકશે. અગાઉના વર્ષોમાં ૩૭ જેટલી ખાનગી શાળાએ આ દિશામાં રસ દર્શાવ્યો હતો. શાળાઓએ જરૂરી દસ્તાવેજો સાથે પોતાની દરખાસ્ત ૨૦ એપ્રિલ સુધીમાં પીપલોદ સ્થિત સમગ્ર શિક્ષા કચેરીમાં જમા કરાવવાની રહેશે.

# UCCમાં ભવિષ્યમાં આદિવાસીઓના સમાવેશનો ભય રહેશેઃ ચૈતર વસાવા

**સમાન** નાગરિક સંહિતા બિલને લઈ આકરા પ્રહાર કર્યા

અમદાવાદ : રાજ્ય સરકાર દ્વારા સમાન નાગરિક સંહિતા બિલ લઈને આવવામાં આવી રહ્યું છે, આ બિલમાંથી આદિવાસી સમાજની બાદબાકી કરવામાં આવી છે, એવું અમને જણાવવામાં આવ્યું છે, તેમ છતાં પણ અમને ભીતિ છે કે હાલમાં ચૂંટણી છે માટે આદિવાસી સમાજને સમાવવામાં આવ્યો નથી પરંતુ આવનાર દિવસોમાં ચોક્કસ સુધારાના ભાગરૂપે આદિવાસી સમાજનો સમાવેશ કરવામાં આવશે. તેવું આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સાથેની વાચતીતમાં જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે, સરકાર ફક્ત લઘુમતી સમુદાયોને ટાર્ગેટ કરીને આવનારી ચૂંટણીઓમાં હિન્દુ-મુસ્લિમ કરવા માટે આ બિલ લાવી રહી હશે, એવું અમને લાગી રહ્યું છે. ચૈતર વસાવાએ વધુમાં કહ્યું હતુ કે આજથી એક વર્ષ પહેલા સમાન નાગરિક સંહિતાની કમિટી જ્યારે જિલ્લા કક્ષાએ સામાજિક, રાજકીય ધાર્મિક સહિત તમામ પ્રકારના આગેવાનોના અભિપ્રાય લેવા માટે આવી હતી ત્યારે ગુજરાતમાં 80% લોકોએ આનો વિરોધ નોંધાવ્યો છે. માટે અમારું માનવું છે કે લોકમતના વિરુદ્ધમાં જઈને આ બિલ લાવવામાં આવી રહ્યું છે માટે અમે આ બિલનો વિરોધ કરીએ છીએ. અમે સરકારને પૂછવા માંગીએ છીએ કે શું આ બિલ લાવવાથી સામાજિક સમરસતા થઈ જશે? શું આ બિલ લાવવાથી રાષ્ટ્રીય ભાવના મજબૂત બનશે?

આ દેશનું બંધારણ બન્યું તો એમાં બાળ લગ્ન ધારા છે, હિન્દુ મેરેજ એક્ટ છે, વારસાઈ ધારો છે અને દત્તક ધારો પણ છે તો પછી સમાન નાગરિક સંહિતા લાવવાની જરૂરત શું પડી? આપણા દેશમાં વિવિધતામાં એકતા એ જ આપણી ઓળખ છે અને બંધારણ તમામ જાતિ જ્ઞાતિ, બધા લોકોના પોતાના વ્યક્તિગત કાયદા, સામાજિક કાયદાને બંધારણે પ્રાવધાન આપ્યું છે, તો આ સમાન નાગરિક ધારો લાવવાથી ચોક્કસ જ્ઞાતિઓને ટાર્ગેટ કરવામાં આવશે અને લોકોને લગ્ન નોંધણીના નામે, લીવ-ઈન રિલેશનશિપની નોંધણીના નામે અને છૂટાછેડા માટે કોર્ટમાં લાઈનો લગાડવી પડશે.

### ચૂંટણી નજીક આવી એટલે સરકાર આ બિલ લાવી : અમીત ચાવડા

ગાંધીનગર : યુસીસી બિલ પરની ચર્ચા દરમ્યાન કોંગ્રેસના સીનીયર સભ્યો અમીત ચાવડા અને શૈલેષ પરમારે ભાજપ સરકાર પર પ્રહાર કરતાં કહયું હતું કે , હવે ચૂંટણીઓ નજીક આવી છે એટલે સરકાર યુસીસીનું બિલ લાવી છે, હકીકતમાં સરકારે પહેલા તો જસ્ટીસ રંજના દેસાઈ કમિટીએ આપેલો આખો રિપોર્ટ ગૃહની વિચારણા સમક્ષ મૂકવો જોઈએ, જે સરકારે મૂકયો જ નથી, આ રિપોર્ટ છુપાવવાનું શું કારણ છે ? તેની પણ સરાકરે સ્પષ્ટતા કરવી જોઈએ, ત્યાં સુધી આ બિલ પ્રવર કમિટી ( સિલેકટ કમિટી )ને સોપવું જોઈએ. આ કમિટી રિપોર્ટ આપે તે પછી સરકારે તેના પર વિચારણા કરીને વિધેયક ગૃહમાં રજુ કરવુ જોઈએ.ચાવડાએ કહયું હતું કે ભાજપની સરાકર પોતાનો રાજકિય એજન્ડા સેટ કરવા આ વિધેયક લાવી છે. વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમારે પણ આ વિધેયક પાછળનો હેતુ રાજકિય હોવાનું જણાવ્યું હતું.

---

સ્મીમેર ફોરેન્સિક વિભાગમાં ગંભીર બેદરકારીનો કિસ્સો

# ખામીયુક્ત એમ્બાલ્મિંગ અને કોફિન પેકિંગથી એરપોર્ટ પર લાશ અટવાઈ

**સ્મીમેરના** તબીબોએ ચકાસણી વગર જ સર્ટિફિકેટ આપી દીધું હતું!

**વિજય** નામનો એમ્બ્યુલન્સ ચાલક ગણતરીના કલાકોમાં બીજી વખત સ્મીમેરનું જ બોગસ સર્ટિફિકેટ બનાવી લાવ્યો!

સુરતઃ સુરતના સ્મીમેર હોસ્પિટલમાં ફોરેન્સિક વિભાગની ગંભીર બેદરકારીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ખામીયુક્ત એમ્બાલ્મીંગ અને કોફિન પેકિંગના કારણે લાશને એરપોર્ટ પર સ્વીકારવામાં આવી નહોતી, જેના કારણે મૃતકના પરિવારને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હવે મોટી ખામી તો એ છે કે એમ્બ્યુલન્સ ચાલક વિજય ગણતરીના કલાકોમાં બોડી ફરી પેકિંગ કરી અને નવું સર્ટિ લઈને આવ્યો હતો. જે સ્મીમેર દ્વારા ઇસ્યુ કરાયું જ નથી.

માહિતી અનુસાર, લાશને બપોરે 2 વાગ્યાની ફ્લાઈટ દ્વારા મોકલવાની તૈયારી હતી. પરંતુ કોફિનમાંથી લીકેજ થતું હોવાને કારણે એરપોર્ટ સત્તાધિકારીઓએ બોડી સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. પરિણામે ફ્લાઈટ ચૂકી ગઈ અને પરિવારને ભારે મુશ્કેલી વેઠવી પડી હતી. સૌથી ગંભીર બાબત એ છે કે, એમ્બાલ્મીંગ અને કોફિન સીલિંગ યોગ્ય રીતે થયું છે કે નહીં તેની કોઈ યોગ્ય ચકાસણી કર્યા વગર જ સ્મીમેરના ફોરેન્સિક વિભાગ દ્વારા સર્ટિફિકેટ આપી દેવાયું હતું. આ બેદરકારી સીધી રીતે સામે આવી છે. આ સમગ્ર ઘટનાએ સ્મીમેર હોસ્પિટલની કાર્યપદ્ધતિ પર ગંભીર પ્રશ્નચિન્હ ઊભા કર્યા છે. એક તરફ બેદરકારી અને બીજી તરફ બોગસ દસ્તાવેજોની શક્યતા બંને બાબતો અત્યંત ચિંતાજનક છે. હવે આ મામલે તાત્કાલિક ઉચ્ચ સ્તરની તપાસ થવી જરૂરી છે અને વિજય નામના એમ્બ્યુલન્સ ચાલક સહિત જવાબદાર તમામ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી કડક કાર્યવાહી કરવી અનિવાર્ય બની છે.

### ગણતરીના કલાકોમાં નવું કોફિન અને સર્ટિફિકેટ ક્યાંથી આવ્યું?

આ સમગ્ર મામલે વધુ શંકાસ્પદ બાબત એ છે કે, વિજય નામનો એમ્બ્યુલન્સ ચાલક બોડી એરપોર્ટ સુધી લઈ ગયો હતો. ત્યાં સમસ્યા ઊભી થતાં, ગણતરીના કલાકોમાં જ નવું કોફિન પેકિંગ કરી લાવવામાં આવ્યું અને સાથે નવું સર્ટિફિકેટ પણ રજૂ કરવામાં આવ્યું. આટલા ઓછા સમયમાં નવું સર્ટિફિકેટ ક્યાંથી આવ્યું તે મોટો સવાલ ઉભો કરે છે.

### ફોરેન્સિક ડોક્ટરની બીજી વખત સર્ટિફિકેટ નહીં અપાયાની સ્પષ્ટતા

આ મામલે ફોરેન્સિક વિભાગના ડો. પ્રણવ પ્રજાપતિએ સ્પષ્ટ જણાવ્યું છે કે તેમના દ્વારા માત્ર એક જ વખત બોડી પેક કરવામાં આવી હતી અને એક જ સર્ટિફિકેટ ઇસ્યુ કરવામાં આવ્યું હતું. બીજી વખત કોઈ સર્ટિફિકેટ આપવામાં આવ્યું નથી. ડૉક્ટરની આ સ્પષ્ટતા બાદ બીજી વખત રજૂ થયેલું સર્ટિફિકેટ બોગસ હોવાની ગંભીર શંકા ઊભી થઈ છે.

### મફત સેવા છતાં કોણ રૂપિયા પડાવે છે?

સ્મીમેરમાં એમ્બાલ્મીંગની સેવા મફતમાં ઉપલબ્ધ હોવા છતાં, ફોરેન્સિક વિભાગના કેટલાક તબીબોની ઉદાસીનતાના કારણે બહારના તત્ત્વો હોસ્પિટલ કેમ્પસમાં પ્રવેશી દર્દીના સંબંધીઓ પાસેથી રૂપિયા ઉઘરાવી રહ્યા હોવાની પણ ચર્ચા છે. જેમાં વિજય નામનો શખ્સ ઉપદ્રવ મચાવી રહ્યો હોવા છતાં તંત્ર દ્વારા તેને કેમ મૌન સહમતિ આપવામાં આવી રહી છે તે પ્રશ્ન ઊઠી રહ્યો છે.

---

# 144 કલાકના બાળકનું અંગદાન, ચાર-ચાર લોકોને નવજીવન મળશે

**બાળક** જન્મ બાદ મૂવમેન્ટ ન હોવાથી બ્રેઈન ડેડ થયું હતું

**નામકરણના** દિવસે જ પરિવારે બાળકનું અંગદાન કરીને 'પાર્થ' નામ રાખ્યું



સુરતઃ સુરતમાં ફરી એકવાર 144 કલાકના એટલે કે છ દિવસના બાળકના અંગદાનથી ચાર લોકોને નવજીવન મળશે.

મૂળ રાજસ્થાન ઉદયપુરના વતની પ્રકાશભાઈ સવર્ણકાર હાલ પુણા સીતાનગર પાસે પત્ની ભૂમિકાબેન સાથે રહે છે અને કેમિકલ કંપનીમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે તેમજ તેની પત્ની ભૂમિકાબેન નર્સિંગ સ્ટાફ છે. ભૂમિકાને પ્રસૂતિની પીડા થતાં કતારગામની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં ભૂમિકાબેને બાળકને જન્મ આપ્યો હતો. જન્મ પછી બાળક દ્વારા રડવાનો પ્રતિસાદ ન મળતા તાત્કાલિક તેને ICUમાં દાખલ કરવામાં આવ્યું હતું. શરૂઆતથી જ ન્યુરોલોજીકલ મૂવમેન્ટ ન હોવાથી વિશેષ બ્રેઈન રિપોર્ટ્સ કરવામાં આવ્યા હતા. સારવાર બાદ રવિવારે તબીબો દ્વારા બેબીને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા.

જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટીમના પી.એમ.ગોંડલિયા, ડૉ. નિલેશ કાછડીયા, વિપુલ તળાવીયા અને જસ્વીન કુંજડિયા દ્વારા પરિવારજનોને અંગદાન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. દરમિયાન પરિવાર તરફથી અંગદાનની સંમતિ મળી હતી. આ અંગદાન અંતર્ગત બંને કિડનીઓ IKDRC, અમદાવાદ ખાતે અને બંને ચક્ષુઓ લોકદ્રષ્ટિ ચક્ષુબેંક દ્વારા સ્વીકારવામાં આવ્યા છે. આ અંગદાનથી ચાર લોકોને નવજીવન મળશે.

### સુરતનો ત્રીજો ઐતિહાસિક કિસ્સો

જીવનદીપ ફાઉન્ડેશનના વિપુલ તળાવીયાએ જણાવ્યું કે, આ સમગ્ર ભારતમાં સૌથી નાની વયના બાળકના અંગદાનમાં ત્રીજો કિસ્સો છે અને ત્રણેય સુરતમાંથી જ થયા છે. અગાઉ ૧૦૦ કલાકના બાળકનું, ત્યારબાદ ૧૨૦ કલાકના બાળકનું અને હવે ૧૪૪ કલાકના બાળકનું અંગદાન કરવામાં આવ્યું છે. આનાથી સુરત સમગ્ર ભારતમાં નાની વયના બાળકોના અંગદાનમાં અગ્રેસર અને પ્રથમ સ્થાને છે. પરિવારે બાળકનું પાર્થ નામ વિચારી રાખ્યું હતું. જેથી નામકરણના દિવસે જ પરિવારે દુઃખની વેદના વચ્ચે અંગદાન જેવું મહાદાન કરીને આખા સમાજને એક મોટો સંદેશ આપ્યો હતો અને બાળકના અંગદાન કરીને પાર્થ નામ આપ્યું હતું.

---

# કોસંબામાં પોલીસ પર હુમલો કરનાર ૧૪નાં જામીન નામંજૂર

**હથોડામાં** ગૌવંશ કતલની તપાસ માટે ગયેલી પોલીસ પર બે શિક્ષક સહિતના ટોળાએ હુમલો કર્યો હતો

સુરતઃ કોસંબા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા હથોડા ગામે ગૌવંશની કત્લનાં મુદ્દે તપાસ માટે ગયેલી પોલીસ ટીમ પર હિંસક હુમલા કેસમાં ૧૪ આરોપીની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. ગત્ તા. ૨૬-૨-૨૦૨૬ના રોજ ૫૦થી વધુનાં ટોળાએ પોલીસ પર હુમલો કરી વાહનોમાં તોડફોડ અને પોલીસને ઈજા પહોંચાડી હતી. ટોળાએ લાકડાં, લોખંડના પાઈપ અને ધારદાર હથિયારો સાથે ભેગા થઈ પોલીસ પર હુમલો કર્યો હતો. હુમલામાં બાતમીદારને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી, જ્યારે પોલીસ કોન્ટેબલને પણ માર મારવામાં આવ્યો હતો. એટલું જ નહીં, ઘાયલોને હોસ્પિટલ લઈ જતી પીસીઆર વાનને પણ ટોળાએ ઘેરી લીધી હતી. આ અંગે કોસંબા પોલીસે ટોળાં સામે પોલીસ ફરજમાં રુકાવટ, ગુજરાત એનિમલ પ્રોટેક્શન એક્ટ સહિતની કલમો અન્વયે ગુનો નોંધી આરોપી ઈરફાન મકબૂલ ઝીના, ઈસ્માઈલ મહેબૂબ મલેક, શાહબુદ્દીન હુસેન આઝમ, મહમદ અબ્દુલ વાડીવાલા, સહલ સિરાજ મલેક, જુબેર જિયાઉલહક અબુજી,અકિબ અલ્તાફ ચાંદ (શિક્ષક), જુનેદ હમઝા દેસાઈ (શિક્ષક), ઈરફાન અલાઉદ્દીન મિર્ઝા, અનસ મકબૂલ જીના, સુફિયા અબ્દુલ સમદ અલી, અનસ અબ્દુલ ફઝલ, ઈમરાન યુસુફ અબુજી, અકરમ અયુબ મુરાદની ધરપકડ કરી હતી. આ આરોપીઓએ જેલમાંથી મુક્ત થવા માટે સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ સંતોષ ગોહિલે વિસ્તૃત દલીલો કરી હતી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીઓની જામીન અરજી નામંજૂર કરી હતી.

---

# રાજસ્થાન-હરિયાણા રૂટની 4 જોડી વિશેષ ટ્રેનો જુલાઈ સુધી લંબાવાઈ

**ઉનાળુ** વેકેશન અને તહેવારો દરમિયાન વધતા મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

સુરત : ઉનાળુ વેકેશન અને તહેવારો દરમિયાન વધતા મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. દક્ષિણ ગુજરાત, ખાસ કરીને સુરત અને આસપાસના વિસ્તારોમાંથી રાજસ્થાન અને હરિયાણા તરફ જતા મુસાફરોને મોટી રાહત મળે તે માટે ચાર જોડી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનોના સમયગાળામાં વધારો કરવામાં આવ્યો છે.

આ તમામ ટ્રેનો સુરત રેલવે સ્ટેશન પર સ્ટોપેજ ધરાવતી હોવાથી સ્થાનિક મુસાફરોને સીધી સુવિધા મળશે અને કન્ફર્મ ટિકિટ મેળવવાની શક્યતા પણ વધશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા મુજબ, મુસાફરોની વધતી માંગ અને ટ્રાફિકને ધ્યાનમાં રાખીને બાંદ્રા ટર્મિનસ અને વલસાડથી દોડતી ટ્રેનોના ફેરા લંબાવવાનો નિર્ણય લેવાયો છે.

રેલવે પ્રશાસન મુજબ, ટ્રેન નંબર 09622, 04828, 09706 અને 04728 માટે લંબાવવામાં આવેલા ફેરા માટેનું રિઝર્વેશન 26 માર્ચ, 2026થી શરૂ કરવામાં આવશે. મુસાફરો PRS કાઉન્ટર તેમજ IRCTCની વેબસાઈટ મારફતે બુકિંગ કરી શકશે.

આ નિર્ણયથી વેકેશન દરમિયાન વતન જતા શ્રમિકો, વિદ્યાર્થીઓ અને અન્ય પ્રવાસીઓને મોટી રાહત મળશે. ખાસ કરીને રાજસ્થાન અને હરિયાણા તરફ જતા મુસાફરો માટે વધારાના વિકલ્પો ઉપલબ્ધ થતાં ભીડનું દબાણ ઓછું થવાની શક્યતા છે.

### કઈ ટ્રેનો હવે કેટલા સમય સુધી દોડશે?

બાંદ્રા ટર્મિનસ - અજમેર ( 09622/09621 ): અજમેરથી 26 એપ્રિલ, 2026 અને બાંદ્રાથી 27 એપ્રિલ, 2026 સુધી સેવા આપશે.
બાંદ્રા ટર્મિનસ - ભગત કી કોઠી ( 04828/04827 ): 11 જુલાઈ ( ભગત કી કોઠી ) અને 12 જુલાઈ, 2026 ( બાંદ્રા ) સુધી લંબાવવામાં આવી.
બાંદ્રા ટર્મિનસ - જયપુર ( 09706/09705 ): જયપુરથી 12 જુલાઈ અને બાંદ્રાથી 13 જુલાઈ, 2026 સુધી દોડશે.
વલસાડ - હિસાર ( 04728/04727 ): હિસારથી 15 જુલાઈ અને વલસાડથી 16 જુલાઈ, 2026 સુધી સેવા ચાલુ રહેશે.

---

# ગુજરાત ગેસ કંપનીને ખાસ કિસ્સામાં રાત્રિના સમયે પણ ખોદકામની મંજૂરી

**ગેસ** પુરવઠાની સ્થિતિને લઈ મનપાએ મંજૂરી આપી, 1 માર્ચથી અત્યાર સુધીમાં 24 અરજીનો નિકાલ કરી દેવાયો

સુરતઃ વૈશ્વિક સ્તરે ઈરાન-ઈઝરાયેલ-અમેરિકા વચ્ચેના યુદ્ધના કારણે ગેસ પુરવઠામાં સર્જાયેલી ખેંચતાણને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાએ આગામી ચાર અઠવાડિયા માટે ગેસ પાઈપલાઈન નેટવર્કના વિસ્તરણને યુદ્ધના ધોરણે ઝડપી બનાવવાનો નિર્ણય લીધો છે. જે અંતર્ગત ગુજરાત ગેસ કંપનીને ખાસ કિસ્સામાં રાત્રિના સમયે પણ ખોદકામ કરવા તેમજ એચ.ડી.ડી. (હોરીઝોન્ટલ ડાયરેક્શનલ ડ્રિલિંગ) પદ્ધતિથી લાઈનો નાંખવાની વિશેષ મંજૂરી આપવામાં આવી છે. શહેરમાં ગેસ વિતરણની સુવિધાઓ વધુ મજબૂત બને તે માટે સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) માટેની નવી પરવાનગીઓ હવે 24 કલાકની અંદર મંજૂર કરવાની ફરજિયાત જોગવાઈ અમલમાં મૂકવામાં આવી છે, જે અંતર્ગત 1 માર્ચ-2026થી અત્યાર સુધી મળેલી તમામ 24 અરજીનો નિકાલ કરી દેવામાં આવ્યો છે. કામગીરીને વેગ આપવા માટે મહાનગરપાલિકાએ રોડ રિસ્ટોરેશન અને પરમિશન ચાર્જમાં પણ મોટી રાહત જાહેર કરી છે, જેમાં CGD સંસ્થાઓ જાહેર સંપત્તિનું પુનઃસ્થાપન પોતાના ખર્ચે કરવાની શરતે કામ કરી શકશે. વહીવટી પ્રક્રિયાને વધુ સરળ બનાવતા કાર્યકારી સિઝનમાં પણ રાહત આપીને 24 કલાક કામ કરવાની મંજૂરી અપાઈ છે, જેથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થઈ શકે. જો કે, આ તમામ કામગીરી દરમિયાન કંપનીએ સુરક્ષાનાં કડક ધોરણોનું પાલન કરવું અનિવાર્ય રહેશે. મનપાએ મજબૂત વહીવટી સંકલન દ્વારા એ બાબત સુનિશ્ચિત કરી છે કે

---

# રાજ્યમાં ગરમીનો પારો 38 ડિગ્રીએ પહોંચ્યો

**આગામી** 48 કલાકમાં તાપમાન 2થી 3 ડિગ્રી વધશે

અમદાવાદઃ રાજ્યમાં ગરમીનો પ્રકોપ દિવસેને દિવસે વધી રહ્યો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ રાજ્યના વિવિધ શહેરોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. આંકડા મુજબ રાજકોટ અને કેશોદ ખાતે સૌથી વધુ 38 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જ્યારે કંડલા પોર્ટ, અમરેલી, પોરબંદર અને અમદાવાદ ખાતે 37 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. તે ઉપરાંત સુરેન્દ્રનગર, ગાંધીનગર, વડોદરા, સુરત, મહુવા અને કંડલા એરપોર્ટ ખાતે 36 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ભાવનગર, ડીસા અને વલ્લભ વિદ્યાનગર ખાતે 35 ડિગ્રી સેલ્સિયસ, જ્યારે ભુજ અને દમણ ખાતે 34 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. નલિયા ખાતે 33 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે જણાવ્યું છે કે સેન્ટ્રલ પાકિસ્તાન અને આસપાસના વિસ્તારમાં 1.5 કિમી ઊંચાઈએ ઉપરી હવામાનમાં સાયક્લોનિક સર્ક્યુલેશન યથાવત છે, જેના પ્રભાવથી હવામાનમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. આગાહી મુજબ આગામી 48 કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસ જેટલો વધારો થવાની શક્યતા છે. ત્યારબાદ તાપમાનમાં ખાસ કોઈ મોટો ફેરફાર થવાની સંભાવના નથી. હાલ માટે રાજ્યમાં ગરમીનો માહોલ યથાવત રહેવાની શક્યતા છે, જેથી નાગરિકોને તાપથી બચવા માટે જરૂરી સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

---

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ખજોદ ડમ્પિંગ...

નહી વળાતા આગની આડમાં કચરાનો નિકાલ થઇ રહ્યો હોવાની આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. અગાઉ લાગેલી આગને કાબૂમાં લેવા ચારથી સાત દિવસનો સમય લાગ્યો હતો. ત્યારે પણ તંત્રની કામગીરી પર સવાલો ઉઠ્યા હતા. હવે ફરી એક જ સ્થળે આગ લાગતાં પાલિકાની કચરા વ્યવસ્થાપન નીતિ અને દેખરેખ પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

બપોરે અંદાજે 1:30 વાગ્યે કંટ્રોલ રૂમને આગ લાગ્યાની જાણ થતા ભીમરાડ, સરથાણા, માન દરવાજા, ભેસ્તાન, ડીંડોલી, વેસુ, અડાજણ સહિતના 10 ફાયર સ્ટેશનોમાંથી ટીમોને ઘટનાસ્થળે ખડકી દેવામાં આવી હતી. કચરામાંથી ઉત્પનન થતા મિથેન ગેસ અને પવનના કારણે દોઢ કિ.મી.ના ઘેરાવામાં ધુમાડો ફેલાઈ ગયો હતો. આગને કાબુમાં લેવા ામટે 15થી વધુ ફાયર ગાડીઓ અને 50થી વધુ લાશ્કરોએ રાઉન્ડ ધ ક્લોક કામગીરી શરૂ કરી હતી. છતાં મોડી રાત સુધી આગ સંપૂર્ણ કાબૂમાં આવી નથી. આગ એટલી વિકરાળ બની હતી કે ખજોદ આસપાસના વેસુ, વીઆઈપી રોડ અને અલથાણ વિસ્તારોમાં ધુમાડાના કાળા વાદળો સ્પષ્ટ દેખાઈ રહ્યા હતા. તો રાંદેર, વરાછા અને કતારગામના ઓવરબ્રિજો પરથી પણ ધુમાડા દેખાયા હતા. પ્રદૂષણનું પ્રમાણ પણ નોંધપાત્ર રીતે વધ્યું હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે.

### આરડીએફનો જથ્થો...

પણ જણાઇ હતી. ખજોદ ડમ્પિંગ સાઈડની આજુ બાજુમાં અનેક નાના-મોટા ગામો પૈકી બુડીયા, સરસાણા, દિપલી, આભવા અને જીયાવ ગામનો સમાવેશ થાય છે. આગ લાગવાને કારણે કાળા ભમ્મર ધૂમાડા એટલી હદે ઉઠ્યા હતાં કે ઘોળા દિવસે બ્લેક આઉટ જેવી સ્થિતિનું સર્જન થયું હતું. ખજોદ ગામ હીરાબુર્સની સૌથી નજીવા અંતરે આવેલું ગામ છે. જ્યાં અનેક પરિવારો વસવાટ કરે છે. ગામવાસીઓને શંકા છે કે, આ સાઈટ ઉપર આગ લગાવવામાં આવી રહી છે. આગ લાગવાને કારણે ગામમાં રહેતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સૌથી ખરાબ હાલત નાના બાળકો અને મોટી ઉમરનાં વૃદ્ધોની થઈ રહી છે.

### ચૈત્રી નવરાત્રી નિમિત્તનો હવન-ભંડારો માકુફ કરવા પડે તેવી સ્થિતી

સુરતનાં આશિષ પટેલનું કહેવું છે કે, ખજોદ ગામમાં મારા દાદી રહે છે. અહી ભાટલી માંતાનાં મંદિરમાં ચૈત્રી નવરાત્રી નિમિત્તે આઠમે હવન તથા ભંડારોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે પરંતુ આગ લાગવાને કારણે ધૂમાડો આખા ગામમાં પ્રસરી જવાથી આ પ્રસંગ મોકુફ રાખવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ધાર્મિક પ્રસંગમાં દર વર્ષે 3થી 4 હજાર લોકો આવતા હોય છે.

### ખજોદ ડમ્પિંગ સાઇટ પર કાચના ટુકડા પણ આગ ફેલાવે છે

કાળજાળ ગરમીમાં કચરાની સાઇટ પર કચરા સાથે આવી ગયેલા કાચના ટુકડા જોખમી હોવાનો મત નીકળી રહ્યો છે. ભારે ગરમીમાં કાચના ટુકડા એકદમ ગરમ થઇ જાય છે. જે સાવ હળવા અને સુકા કચરામાં આગ પ્રગટાવે છે. આ આગને કચરામાંથી નિકળતો મિથેન ગેસ વધુ તાકાત આપે છે. અને ત્યારબાદ આગ બેકાબુ બની જાય છે.

### આ કુદરતી નહી માનવસર્જીત આગ છે : પૂર્વ કોર્પો. વિજય પાનસુરીયા

કોગ્રેસના પુર્વ કોર્પોરેટર વિજય પાનસુરીયાએ જણાવ્યું હતું કે, આજે ખજોદ ડમ્પિંગ સાઈટ પર લાગેલી આગની સ્થળ વિઝિટ કરતા જોવા મળ્યું કે, આ આગ ફક્ત માત્ર જૂનો કચરો જ નહીં પરંતુ રોજ જે કચરો આવે છે તેમાં પણ લાગેલી હતી. જ્યાં કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાનો છે. તે સ્થળેથી આ આગ લાગી હતી અને આજુબાજુના તમામ વિસ્તારમાં જ્યાં કચરો પડેલો હતો ત્યાં પણ એકસાથે આગ લાગેલી હતી એ સીધું દર્શાવે છે કે આ કુદરતી રીતે લાગેલી આગ નથી પરંતુ માનવસર્જિત આગ હોઈ શકે છે.

### જીપીસીબી સ્થળ...

નથી રહી, પરંતુ ફરી એકવાર મનપા અને સંબંધિત એજન્સીઓની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. ખજોદ ડમ્પિંગ સાઈટ પર અગાઉ લાગેલી આગ બાદ જીપીસીબીએ તાત્કાલિક સ્થળની તપાસ કરી હતી અને સમગ્ર મામલે વિગતવાર રિપોર્ટ ગાંધીનગર મોકલ્યો હતો. તપાસમાં સામે આવ્યું હતું કે કચરાના નિકાલ અને મેનેજમેન્ટમાં ગંભીર ખામીઓ છે. કચરાને વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રોસેસ ન કરાતા આગ લાગવાની સંભાવના વધી રહી છે. મનપા અને ઓપરેટિંગ એજન્સીને નોટિસ ફટકારી યોગ્ય સુધારાત્મક પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી. ફરી આગ લાગ્યા બાદ જીપીસીબી હવે વધુ કડક વલણ અપનાવવાની તૈયારીમાં છે. સ્થળ પર ફરી તાત્કાલિક ઇન્સ્પેક્શન કરીને સેમ્પલિંગ કરવામાં આવશે. હવામાં ફેલાતા પ્રદૂષક તત્વોનું માપન કરીને રિપોર્ટ તૈયાર થશે.

### નકલી નોટના... 1

0થી 12 લાખ જેટલી નકલી નોટો બજારમાં પહેલેથી જ સર્ક્યુલેટ થઈ ગઈ હોવાની શક્યતા છે. હાલ આ નોટોને રિકવર કરવા માટે કાર્યવાહી ચાલી રહી છે. આ ઉપરાંત તપાસમાં એ પણ સામે આવ્યું છે કે પ્રદીપ જોટાગીયાનું યોગ ફાઉન્ડેશન 2020 પછી સક્રિય નહોતું, છતાં તે યોગ શિબિરો અને દાનના નામે નાણાં ઉઘરી પોતાની વ્યક્તિગત વૈભવી જીવનશૈલી માટે ઉપયોગ કરતો હતો. આ પૈસાથી તેણે મોંઘીદાટ- વૈભવી કારો ખરીદી હોવાનું પણ બહાર આવ્યું છે. આ સમગ્ર મામલે ક્રાઈમ બ્રાંચ હાલમાં આરોપીઓના મોબાઈલના ડેટા અને કોલના આધારે તેમના સંપર્કો, ખાસ કરીને અમદાવાદ-સુરતમાં તેમની સાથેના સંકલાયેલા લોકો તેમજ આયુષ મંત્રાલયના બોગસ બોર્ડના ઉપયોગ અંગે વધુ તપાસ હાથ ધરી છે. આ કૌભાંડમાં સાથે જોડાયેલા અન્ય લોકોની તપાસનો દોર ચાલુ છે, અને જો સંડોવણી બહાર નીકળશે તો દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

### સતત બીજા...

શહેરના કેટલાક વિસ્તારોમાં સ્ટોક ખૂટી જતાં પંપ બંધ કરવાની નોબત આવી હતી. પીપલોદ સ્થિત આઈઓસી પેટ્રોલ પંપ પર બપોર બાદ પેટ્રોલ-ડીઝલ ખૂટી જતા પંપ બંધ કરાયો. પાર્લે પોઈન્ટ વિસ્તારમાં સાંજ સુધીમાં પેટ્રોલ સમાપ્ત થઈ ગયું હતું.વરાછા, સેન્ટ્રલ ઝોન, કતારગામ અને ઉધના વિસ્તારમાં કુલ 90માંથી આશરે 10 પંપોને સ્ટોક ખૂટતા બંધ રાખવા પડ્યા હતા. પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા આજે પેટ્રોલ અને ડીઝલનો સપ્લાય વધારવામાં આવ્યો હોવા છતાં માંગમાં કોઈ ઘટાડો નોંધાયો ન હતો.

HPCL, BPCL અને IOC તરફથી મંગળવારે સપ્લાયમાં વધારો થતાં ડીલરોને થોડી રાહત મળી હતી. છતાં લોકોમાં ફેલાયેલી ભયભાવનાને કારણે માંગમાં ખાસ ઘટાડો નોંધાયો નહોતો અને દિવસભર પંપો પર દોડધામ ચાલુ રહી. અફરાતફરી વચ્ચે તંત્ર આજે દાવો કર્યો હતો કે, હાલ સ્થિતિ કાબૂમાં, પંપો પર ભીડ ઘટી છે.

### એક જ...

હાશકારો થતાં લાઈનો દૂર થઈ હતી. ઈન્ડિયન ઓઈલ, એચપીસીએલ અને બીપીસીએલ કંપનીઓના સંયુક્ત આંકડા મુજબ, સોમવારે સવારે સુરત જિલ્લામાં કુલ 1.12 કરોડ લીટર પેટ્રોલ અને 1.74 કરોડ લીટર ડીઝલ ઉપલબ્ધ હતું. દિવસ દરમિયાન ભારે વેચાણ નોંધાયું હતું, જેમાં આશરે 17.07 લાખ લીટર પેટ્રોલ અને 39.13 લાખ લીટર ડીઝલનું વેચાણ થયું હતું. છતાં સાંજ સુધીમાં કંપનીઓ પાસે લગભગ 95.78 લાખ લીટર પેટ્રોલ અને 1.35 કરોડ લીટર ડીઝલનો સ્ટોક યથાવત રહ્યો હતો.

### લોકો પેટ્રોલ,...

ટ્રેક્ટર-ટ્રોલી અને મોટા બેરલમાં પેટ્રોલ-ડીઝલ ભરી લઈ જતા નજરે પડ્યા હતા. બાંધકામ અને વાહન વ્યવહાર સાથે સંકળાયેલા લોકો પણ મોટી માત્રામાં ઈંધણ સંગ્રહ કરતા જોવા મળ્યા.

### પેનિક થઈને,...

લાખ લિટર પેટ્રોલનું વેચાણ થઈ ગયું હતું. એવી જ રીતે સુરત અને તાપી જિલ્લા રોજનો પેટ્રોલનો વપરાશ 1.50 લાખ લિટર હોય છે. અહીં 2 લાખ લિટરથી વધુ વેચાણ થયું હતું. જોકે મંગળવારે આઇઓસી, બીપીસીએલ અને એચપીસીએલ દ્વારા પૂરતો જથ્થો મોકલવામાં આવતા આજે મંગળવારે પ્રમાણમાં પેટ્રોલ ભરાવવા લાઇન સોમવાર કરતાં ઓછી લાગી હતી. મંગળવારે સપ્લાય વધતા ડીલરોને રાહત થઈ છતાં માંગ યથાવત ઊંચી રહી હતી પણ મંગળવારે પણ રૂટિન દિવસો કરતાં પેટ્રોલનું વધુ વેચાણ થયું હતું.

### લીંબુની ખટાશ...

સામાન્ય ગ્રાહકો અને હોટેલ-રેસ્ટોરન્ટ વ્યવસાયકારો બંને મુશ્કેલીમાં મુકાયા છે. વેપારીઓના જણાવ્યા મુજબ થોડા સમય પહેલાં જ બે મહિનાની અવધિમાં લીંબુનો ભાવ 70-80 રૂપિયેથી સીધો 280 રૂપિયા સુધી પહોંચ્યો છે. રમજાનની શરૂઆત, ઉનાળાની વધતી માંગ અને લીંબુની આવકમાં આવેલી નોંધપાત્ર કમીને કારણે બજારમાં માંગ-પુરવઠાના સંતુલનમાં ભારે ખલેલ પડી છે. શાકભાજીના વ્યવસાઈ સાથે સંકળાયેલાં વેપારીઓનાં મંતવ્ય મુજબ, હાલ લીંબુની ઓછી આવકને કારણે ભાવમાં ઉછાળો નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં આ વર્ષે લીંબુની આવક સામાન્ય કરતાં ઓછી નોંધાઈ છે. ખેડૂતો જણાવે છે કે, મોસમી બદલાવ અને તાજેતરના મિનિ વાવાઝોડાના અસરકારક પ્રભાવને કારણે નાના કદના લીંબુ નાશ પામ્યા છે, જેના લીધે બજારમાં પુરવઠો ઘટ્યો છે.

### ગણદેવીમાં BJPના...

પોતપોતાના અહેવાલ રજૂ કરી રહ્યા હતા. આ દરમિયાન વોર્ડ નંબર-૧માં સુવર્ણ વર્ગની વસતીને લઈને ચર્ચા દરમિયાન મતભેદ ઊભા થયા હતા. વાતચીત ધીમે ધીમે ઉગ્ર બની ગઈ અને શહેરના એક સિનિયર નેતા, જેમણે લાંબા સમયથી પક્ષમાં અગત્યની જવાબદારીઓ સંભાળી છે, તેમની સાથે એક જૂનિયર નેતાની તીખી બોલાચાલી થઈ હતી.

સ્થિતિ એટલી વણસી ગઈ કે જૂનિયર નેતાએ ગુસ્સામાં આવી સિનિયર નેતાને જાહેરમાં જ ત્રણથી ચાર લાફા ઝીંકી દીધા હતા. અચાનક બનેલી આ ઘટનાથી હાજર અન્ય નેતાઓ ચોંકી ગયા હતા. બાદમાં વચ્ચે પડીને અન્ય આગેવાનો દ્વારા બંનેને અલગ પાડવામાં આવ્યાં હતા. ઘટનાની વાત ઝડપથી સમગ્ર શહેરમાં ફેલાતા રાજકીય માહોલમાં ચકચાર મચી ગઈ હતી.

### ગત પાલિકા ચૂંટણીમાં ભાજપે ૨૭માંથી ૨૪ બેઠકો જીતી હતી

"પાર્ટી વિથ અ ડિફરન્સ" તરીકે ઓળખાતી ભાજપમાં આ પ્રકારની ઘટના સામે આવતા પાર્ટીની શિસ્ત અને આંતરિક એકતા પર પ્રશ્નો ઊભા થયા છે. ખાસ કરીને ગણદેવી શહેર ભાજપ માટે આ ઘટના મહત્વપૂર્ણ છે, કારણ કે ગત નગરપાલિકા ચૂંટણીમાં ભાજપે એકસંપ બની ૨૭માંથી ૨૪ બેઠકો જીતીને વિજય મેળવ્યો હતો. પરંતુ હાલની પરિસ્થિતિમાં પક્ષની અંદર ઊભી થયેલી ગૃપબાજી અને મતભેદો ચૂંટણી પહેલાં જ સપાટી પર આવી જતાં આવનારી ચૂંટણીમાં તેની અસર કેવી રહેશે તે અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

### આ અફવા છે, આવું કશું બન્યું નથીઃ શહેર ભાજપ પ્રમુખ

આ અંગે ગણદેવી શહેર ભાજપ પ્રમુખ ડો. હાર્દિક વૈદે જણાવ્યું કે ગણદેવી નગરપાલિકાની સામે ચૂંટણી આવી રહી છે. એટલે આ બધી અફવાઓ ફેલાઈ છે, બાકી એવું કશું બન્યું નથી. લોકોએ આવી અફવા ઉપર બિલકુલ ધ્યાન આપવું નહીં.